www.cercindia.org

૩ ઓક્ટોબર ૨૦૨૦ વોલ.૧ નં.૧૪

ભાષાંતર કરેલ સંસ્કરણ

# ગ્રાહક સાથી

## સહિયારા સમુદાયો

આપ-લે નો ઓટલો
Platform for Give & Take



(વાંચવા માટે ક્લિક કરો)

- શેરિંગ (આપ-લે) સંસાધનોની બચતની સાથે કચરો ઘટાડે છે
- લાંબા સમય સુધી વસ્તુના વપરાશથી કચરાનું પ્રમાણ ઘટાડવું
- ગ્રીન એક્શન વીક – CERCનું શેરિંગ (આપ-લે) અભિયાન
- વિડિઓ - રસોડામાં વપરાતી વસ્તુઓનો ઉપયોગ કરીને હોમ ક્લીનર બનાવો

CERC
Since 1978

**CONSUMER EDUCATION AND RESEARCH CENTRE**

**AHMEDABAD**

**HELPLINE NO. 1800 233 0222**

**CERC nos. 079-27489945/46/49, 48905898, 48906898**

**Email : cerc@cercindia.org, grahaksathi@cercindia.org**

# શેરિંગ (આપ-લે) સંસાધનોની બચતની સાથે કચરો ઘટાડે છે

## શા માટે શેરીંગ (આપ-લે) જરૂરી છે?

વિશ્વભરના લોકોને વસ્તુઓ અને સેવાઓ સમાન ધોરણે ઉપલબ્ધ નથી. ઘણા લોકો વસ્તુઓનો વધુ પડતો વપરાશ કરે છે, જ્યારે ઘણા લોકોને જીવનજરૂરી વસ્તુઓ અને સેવાઓ પણ મળતા નથી. હવા, પાણી, અશ્મિભૂત ઇંધણ જેવા કુદરતી સંસાધનોનો વધુ અને આડેધડ વપરાશ તેમજ પ્રદૂષિત જમીન અને કચરાના વધતા પ્રમાણને બદલવાની જરૂર છે જેથી લોકોને સ્વાસ્થ્યપ્રદ વાતાવરણ અને સારી ગુણવત્તાનું જીવન મળી શકે.

આપ-લેની ટેવ વધુ ટકાઉ વપરાશની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે,તે લોકોને જરૂરી વસ્તુઓ અને સેવાઓ સારી રીતે મળી રહે તે શક્ય બનાવે છે. તે સંસાધનોની કાર્યક્ષમતામાં વધારો કરી શકે છે તેમજ કચરો અને પ્રદૂષણ ઘટાડે છે. વહેંચણીનું અર્થશાસ્ત્ર (શેરિંગ ઇકોનોમી) વિકાસ અને ઉદ્યોગસાહસિકતાને પણ સક્ષમ બનાવે છે.

## શેરિંગની (આપ-લે) અસરો




સમુદાયોમાં આપ-લે ના અભિગમથી લોકોને અને પૃથ્વીને વિવિધ રીતે લાભ થાય છે. તે વધુ પડતા વપરાશની બિનટકાઉ પ્રથાને વિક્ષેપિત કરીને ઉત્પાદનમાં ઘટાડા તરફ દોરી જાય છે.

સામાજિક પાસું- સહયોગ અને આપ-લે ની પ્રથા સમુદાયોને એકબીજાની નજીક લાવે છે, જેનાથી સામાજિક લાભો પ્રાપ્ત થાય છે સાથોસાથ પર્યાવરણ પર થતી વિપરીત અસરો પણ ઘટે છે.સ્થાનિક સ્તરે આપ-લેની સંસ્કૃતિ અને કોમી એકતાની પરંપરા પુનઃસ્થાપિત થાય છે. તે રોજગાર, સલામતી અને સંસાધનોના વપરાશની અસરકારકતામાં પણ સુધારો કરી શકે છે.

પર્યાવરણીય પાસું – આપ-લે, કુદરતી સંસાધનોની યોગ્ય ફાળવણીમાં મદદરૂપ થાય છે. તેનાથી કચરો,પ્રદૂષણ અને ગ્રીન-હાઉસ વાયુઓનું ઉત્સર્જન ઘટે છે.વળી,તે પર્યાવરણીય સ્થિરતા પર સકારાત્મક અસર કરે છે. સંસાધનોની આપ-લે, તકનીકી ઉપકરણો અને સહયોગથી સમુદાયમાં દરેક માટે સલામત, સસ્તી અને ટકાઉ વસ્તુઓનું ઉત્પાદન કરવામાં તેમજ હાનિકારક પદ્ધતિઓ, પ્રદૂષણ અને કચરો ઘટાડવામાં મદદ મળી શકે છે.

આર્થિક પાસું – આપ-લે થકી ખર્ચની બચત અને સંસાધનોની વહેંચણી પદ્ધતિઓમાં નવીનતા અપનાવીને તેમજ વસ્તુનું જીવનચક્ર વધારીને, એકત્રીકરણ દ્વારા સહિયારી સેવાઓ મેળવવાથી આર્થિક લાભો મળે છે. તેનાથી વ્યક્તિમાં રહેલી આવડતને પ્રોત્સાહન મળે છે જે, આવક મેળવવામાં મદદરૂપ થાય છે.

**અવિરત વિકાસના લક્ષ્યાંકો - સસ્ટેનેબલ ડેવેલપમેન્ટ ગોલ્સ (SDGs)**

સયુંક્ત રાષ્ટ્રસંઘે વર્ષ ૨૦૧૫ માં અસમાનતા, ગરીબી, આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય વિનાશ જેવા વૈશ્વિક પડકારોને સંબોધતા ટકાઉ વિકાસ અંગેના ૧૭ લક્ષ્યાંકો ધરાવતો એજન્ડા ૨૦૩૦ અપનાવ્યો છે. SDG ના લક્ષ્યાંક-૧૨ માં વૈશ્વિક સ્તરે સંસાધનોની સુધારેલ કાર્યક્ષમતા, કચરાના પ્રમાણમાં ઘટાડો અને ટકાઉ જીવનશૈલી અંગેની વિશેષ જાગૃતિ પર ભાર મૂકાયો છે.

# લાંબા સમય સુધી વસ્તુના વપરાશથી કચરાનું પ્રમાણ ઘટાડવું

'Zero waste lifestyle' એટલે કે શૂન્ય કચરો ઉત્પાદિત થાય તેવી જીવન શૈલી. એક રીતે જોઈએ તો કચરો ઉત્પન્ન જ ના થાય તે રીતે જીવન જીવવું એ વાત અશક્ય જ લાગે પરંતુ, આ લક્ષ્ય આપણા બધા માટે સારું છે. આપણી પસંદગીઓમાં સતત નાના-નાના ફેરફાર કરવાથી કચરાના પ્રમાણમાં ધીમે ધીમે ઘટાડો થવો નિશ્ચિત છે. આપણા માટે ઉપયોગી ના હોય તેવી વસ્તુઓના અન્ય ઉપયોગો શોધવા એ કચરાનું પ્રમાણ ઘટાડવાની બીજી અગત્યની રીત છે.

ગ્રાહક સાથી આપના માટે કેટલાક નુસખાઓ લઈને આવ્યું છે જે આપના ઘરમાં/ઓફિસમાં ઉત્પન્ન થતા કચરાના પ્રમાણને ઘટાડવામાં મદદ કરશે.

### ખરીદતા પહેલા જરૂરત અંગે વિચારો

જ્યારે તમે કોઈ નવી વસ્તુ ખરીદવાનું વિચારો છો, જેમકે જ્યારે તમે કોઈ નવો ડ્રેસ ખરીદવા માટે ઉત્સુક હોવ ત્યારે જરાક રોકાઈને વિચારો. શું તમે આ ડ્રેસ વધુ ડિસ્કાઉન્ટ મળી રહ્યું હોવાથી ખરીદી રહ્યા છો? કે પછી તમને એમ લાગે છે કે તમારુ કબાટ કપડાંથી ઉભરાઇ રહ્યું હોવા છતાં તમને તેની “જરૂર” છે? જો બેમાંથી એકનો પણ જવાબ ’હા’ છે, તો તમારી જાતને ખરીદી કરતા રોકો. કોઈપણ વસ્તુની ખરીદી કરતા પહેલા પ્રામાણિકપણે વિચારો, આપને આ વસ્તુની જરૂર ખરેખર છે કે નહીં.

### ફરીથી વાપરી શકાય તેવી વસ્તુઓ ખરીદો

આપણને ફરીથી વાપરી શકાય તેવી સ્ટ્રો અથવા કોપરની વોટર બોટલની ખરીદી કરવી ખર્ચાળ લાગે છે પરંતુ આપણે આ વસ્તુ એકવાર ખરીદીને વારંવાર ખરીદી કરવામાંથી બચીએ છીએ. જ્યારે પણ તમે શોપિંગ માટે જાઓ ત્યારે ફરીથી વાપરી શકાય તેવી કાપડની બેગનો ઉપયોગ કરો જેથી તમારે પ્લાસ્ટિકની કેરી બેગ માટે ચૂકવણી કરવાની રહેશે નહીં અને પ્લાસ્ટિકનો ઉપયોગ પણ ઘટશે. પ્લાસ્ટિકની પાણીની બોટલો ખરીદવાનું ટાળવા માટે તમારી પોતાની જ પાણીની બોટલ સાથે રાખો.

### સમારકામ અને ફેરઉપયોગ

સરળ સમારકામ અને નિયમિત જાળવણીથી કપડાં, ટાયર, ઉપકરણો વગેરે વસ્તુઓની આયુષ્યમર્યાદા વધારી શકાય છે. નવી વસ્તુ લેવાને બદલે તમારી પાસેની વસ્તુનું સમારકામ કરવાનો પ્રયાસ કરો. તેના માટે કોઈ મિત્ર અથવા નિષ્ણાતની મદદ મેળવો.

### રિસાયકલ અને હેતુફેર

કોઈપણ વસ્તુને “કચરા” માં નાંખતા પહેલા એક મિનીટ વિચારો – શું આ વસ્તુને બીજા કોઈ રૂપમાં ફેરવવું શક્ય છે? દેખીતી રીતે નકામી લાગતી ઘણી વસ્તુઓને ઉપયોગી વસ્તુઓમાં રૂપાંતરિત કરી શકાય છે. આમ કરવાથી તમારા પૈસાની બચત થશે અને વસ્તુ કચરાના ઢગલામાં જતી અટકશે. જેમકે, તમારી જૂની સાડીમાંથી આધુનિક ડ્રેસ અથવા પડદા બનાવી ફરીથી ઉપયોગ કરો. આર્ટ અને ડેકોરેશન માટે જૂની સીડીનો ઉપયોગ કરો.

### દાન કરો

જે વસ્તુઓની તમારે હવે જરૂર નથી જેમ કે, કપડાં, ઉપકરણો, ફર્નિચર, ઇલેક્ટ્રોનિક્સ વગેરે અન્ય લોકો માટે ઉપયોગી હોઈ શકે. આવી વસ્તુઓને ફેંકી દેવાને બદલે દાનમાં આપવાનો વિચાર કરો. કોઈપણ વસ્તુ દાનમાં આપતા પહેલા તે, કામ લાગે તેવી તેમજ વપરાશ કરી શકાય તેવી છે તેની ખાતરી કરો.



# ગ્રીન એક્શન વીક – CERCનું શેરિંગ (આપ-લે) અભિયાન

દર ઓક્ટોબર માસમાં, સહિયારા હેતુ માટે સંયુક્ત પ્રયત્નો થકી મનાવવામાં આવતા “ગ્રીન એક્શન વીક” માં વિશ્વભરના સંગઠનો સાથે CERC ભાગીદાર બને છે. આની શરૂઆત વર્ષ ૧૯૯૦ માં સ્વીડિશ સોસાયટી ફોર નેચર કન્ઝર્વેશન (SSNC) એ કરી હતી અને વર્ષ ૨૦૧૦ થી કન્ઝ્યુમર્સ ઇન્ટરનેશનલ દ્વારા આ આંતરરાષ્ટ્રીય ભાગીદારીનો પ્રયાસ બન્યો છે.

છેલ્લા ત્રણ વર્ષથી 'શેરીંગ કોમ્યુનિટી'થીમ થકી સામૂહિક વહેંચણી અને સહયોગની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે તેમજ દરેક માટે વસ્તુઓ અને સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે કાયમી વ્યવસ્થા ઉભી કરવાનો પ્રયાસ થઇ રહ્યો છે. ૨૮ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર સુધી અમે નવા વિચારો અને ટેકનોલોજીની મદદથી લાંબાગાળાના વપરાશને પ્રોત્સાહન આપતું અભિયાન ચલાવી રહ્યા છીએ.

વર્ષ ૨૦૧૮માં, CERC-ENVIS એ વ્યક્તિગત ઉપયોગની, ઘરગથ્થું અને અન્ય વપરાયેલી વસ્તુઓની વહેંચણીને પ્રોત્સાહન આપવા માટે 'આપ-લે નોઓટલો' (આપવા અને લેવાની વ્યવસ્થા) બનાવ્યો હતો,જ્યાં લોકો પોતાને જરૂર ના હોય તેવી વપરાયેલી ચીજો આપી શકે અને આ વસ્તુઓની જેને જરૂરિયાત હોય તેઓ તેને લઇ શકે. અજાણ્યા લોકો પણ આ વ્યવસ્થાનો ઉપયોગ કરીને વસ્તુઓની આપ-લે કરી શકે તે શક્ય બન્યું.

વર્ષ ૨૦૧૯ માં CERC એ શાળાના બાળકોમાં આપ-લે (શેરીંગ)નો અભિગમ વિકસે તે પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પાંચ સંપન્ન શાળાઓના બાળકોને આર્થિક રીતે નબળા વર્ગના બાળકો સાથે સાંકળ્યા, સંપન્ન શાળાના બાળકોએ પોતાની વપરાયેલી સ્ટેશનરી, પુસ્તકો, રમકડાં, રેઈનકોટ, ગરમ કપડા જેવી વસ્તુઓ ઓછા સંસાધનો ધરાવતા જરૂરતમંદ બાળકોને આપવા પ્રેરણા અપાઈ.

વર્ષ ૨૦૨૦ માં કોવિડની મહામારીમાં સ્થળાંતરિત મજૂરો, સૌથી વધુ જરૂરિયાતમંદ હતા, તેઓ જીવન ટકાવી રાખવા જરૂરી વસ્તુઓ મેળવી શકતા ના હતા. CERC એ તેમને મદદ કરવા માટે સ્થાનિક રહેવાસીઓ (દાતાઓ) અને સ્થળાંતરિત મજૂરો વચ્ચે આપ-લે નો મંચ બનાવવા માટે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

### જરૂરિયાતમંદ સ્થળાંતરિત / રોજમદાર મજૂરો માટે વપરાયેલી ચીજો આપવા અપીલ

અમે સ્થાનિક રહેવાસીઓ અને સ્થળાંતરિત/ રોજમદાર મજૂરો માટે એક શેરિંગ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેનાથી તમે આપેલી ઉપયોગી વસ્તુઓ સ્થળાંતરિત મજૂરો / દૈનિક વેતન મેળવતા મજૂરો સુધી પહોંચી શકે. એકત્રિત કરાયેલ વસ્તુઓને પેકિંગ કરીને તેનું મજૂરોમાં વિતરણ કરવામાં આવશે.

### આપ શું આપી શકો

- કપડાં
- ઘરની વસ્તુઓ- વાસણો, ડબ્બાઓ વગેરે.
- સ્ટેશનરી અને પુસ્તકો
- ખાદ્ય ચીજો, ચોખા, ઘઉંનો લોટ, કઠોળ વગેરે.

આપની વસ્તુઓ આપવા માટે ૦૭૯ ૨૭૪૮ ૯૯૪૫ / ૪૬ પર ફોન કરો અથવા અમારા કલેક્શન સેન્ટર પર જમા કરાવો:
ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર
સુરક્ષાસંકુલ, એસ જી હાઇવે
થલતેજ, અમદાવાદ– ૩૮૦૦૫૪

### અમારા છેલ્લા પાંચ અંકોની લીંક્સ

૧. ઇનહેલર્સ ખરીદવા માટેની માર્ગદર્શિકા
૨. કોવિડ - ઘરેલુ દાક્તરી સારવાર
૩. કોવિડના સમયમાં ટેકનોલોજીની સહાય
૪. ઓઝોનનાં સ્તરમાં ગાબડું આપણને કઇ રીતે અસર કરે છે
૫. CERC દ્વારા તમારી ગ્રાહકલક્ષી ફરિયાદોનો ઉકેલ લાવો